ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી


સ્વાતિ ગૌતમભાઈ મોદી


હર્ષ જગદીશકુમાર પ્રજાપતિ
મો. ૯૯૦૪૦ ૪૮૬૧૫

# બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ ૩૦ દિવસ માટે મધુર ડેરીમાં

ગાંધીનગર, તા. ૧૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર સ્થિત બીબીએ કોલેજના ૨૨ વિદ્યાર્થીઓનું આજરોજ મધુર ડેરીમાં ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ થયું. દિવાળીના અઠવાડિયાના વેકેશન બાદ શહેરીજનોએ લાભપાંચમના દિવસે મુહૂર્ત કર્યા એ સમયે અત્રેની બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન દ્વારા ૨૨ વિદ્યાર્થીઓનું મધુર ડેરીમાં ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ દ્વારા શૈક્ષણિક કાર્યનું પણ શુભ મુહૂર્ત થયું.

મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા તથા મેનેજિંગ ડાઈરેક્ટર રોહીતભાઈ મહેતાના શૈક્ષણિક તાલીમ પ્રત્યેના હકારાત્મક અભિગમ તેમજ સતત સહકાર અને સહિષ્ણુતાની ભાવનાથી આ ૩૦ દિવસની તાલીમનો સભફળતાપૂર્વક પ્રારંભ થયો. પહેલા દિવસે વિદ્યાર્થીઓને મધુર ડેરીનો પ્લાન્ટ તેમજ ઉત્પાદન પ્રક્રિયાથી માહિતગાર કરી તાલીમની શરૂઆત કરી જેમાં મધુર ડેરીના માર્કેટીંગ મેનેજર નીરંજભાઈ બારોટ, પ્રોડક્શન ડિપાર્ટમેન્ટના હેડ કે.એસ. કુંપાવત તેમજ સિનિયર માર્કેટીંગ હેડ અને ગાંધીનગર સ્થિત બીબીએ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી પરેશ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને ઉત્પાદન પ્રક્રિયા, માલસામાન હેરફેર, પેકેજિંગ, વૈજ્ઞાનિક ઢબે ચાલતી ઉત્પાદન પ્રક્રિયા, ઓટોમેશન તેમજ પ્લાન્ટ મેનેજમેન્ટને લગતા વિવિધ અભિગમોની તાલીમ આપી. ત્યારબાદ મધુરડેરીના મેનેજીંગ ડિરેક્ટર રોહીતભાઈ મહેતાએ વિદ્યાર્થીઓને મધુર ડેરીનો ઈતિહાસ તેમજ તેના અલગ અલગ વિભાગો જેવા કે માર્કેટીંગ, ફાઈનાન્સ, હ્યુમન રિસોર્સિસ, પ્રોડક્ષન, એડમિન વગેરેનું રોજબરોજ સંચાલન કેવી રીતે થાય તેની ઝિણવટભરી માહિતી આપી તેમજ વિદ્યાર્થીઓને અલગ અલગ ગ્રુપમાં વિભાજીત કરી આગામી દિવસોમાં આ બધા વિભાગોમાં કેવી રીતે સંચાલન તેમજ વ્યવસ્થાને લગતી તાલીમ આપવામાં આવશે તેનું આયોજનબદ્ધ આલેખન કર્યું. આ ૩૦ દિવસ સુધી વિદ્યાર્થીઓ સંચાલકિય ક્ષેત્રના ઘણા બધા મહત્વના કાર્યોથી માહિતગાર થશે તેમજ એન્ટરપ્રેનિયોર બનવા ઈચ્છુક વિદ્યાર્થીઓને આયોજન-બદ્ધ તાલીમ મળશે. કોલેજ તરફથી આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટીના માર્ગદર્શન હેઠળ, ટ્રેનિંગ અને પ્લેસમેન્ટના હેડ ડૉ. જયેશ જે. તન્ના, પ્રો. માર્ગી દેસાઈ, પ્રો. આશિષ ભુવા તેમજ સમગ્રટીમે જહેમત ઉઠાવી હતી.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા 'વેકેશન વિજ્ઞાન સંગ' કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૬

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા દિવાળી વેકેશનમાં વિદ્યાર્થીઓ પોતાની રજાઓ ટીવી, વીડીયો, ફિલ્મો વગેરેમાં સમય ન બગાડે તે હેતુથી વેકેશન વિજ્ઞાન સંગ કાર્યક્રમનું આયોજન તા. ૨૦ નવેમ્બરથી તા. ૨૨ નવેમ્બર દરમિયાન કરાયું છે. વિદ્યાર્થીઓને પ્રિય એવા મોડેલ, રોકેટરી વર્કશોપ, એરો મોડેલીંગ વર્કશોપ, મેચસ્ટીક મેકીંગ વર્કશોપ, ટેનગ્રામ વર્કશોપ, સાયન્સ મોડેલ મેકીંગ વર્કશોપ, વિવિધ ભૌમિતિક આકૃતિ બનાવવાનો વર્કશોપ, ફન વીથ કેમેસ્ટ્રી જેવા વર્કશોપ યોજાશે. આ સાથે વિદ્યાર્થીઓને ચાર્ટ પેપર અને કાર્ડ પેપરમાંથી સીંગલ સ્ટેજ રોકેટ, ડબલ સ્ટેજ રોકેટ, પેરાશુક રોકેટ બનાવવા વિશે તેમજ રોકેટના વિવિધ પાર્ટસ, આંતરિક રચના વિષે સમજ અપાશે. એરો મોડેલીંગ વર્કશોપમાં વિદ્યાર્થીઓ ભારતીય હવાઈથી વિવિધ ફાઈટર પ્લેન જેવા કે વસંત ગ્રીષ્મા મીગ, જગુઆર સી. ટેરીયરના મોડેલ પેપરમાંથી બનાવશે તેમજ પ્લેનની રચના અને કાર્યપદ્ધતિને સમજશે.

મેચસ્ટીક મોડેલ મેકીંગ વર્કશોપમાં વિદ્યાર્થીઓ દિવાસળી અને સાયકલની વાલ ટયુબમાંથી વિવિધ ટુ ડાઈમેન્શન અને થ્રી ડાઈમેન્શન મોડેલ બનાવશે.

વધુ માહિતી માટે નિસર્ગ સાયન્સ સેન્ટર બ્લોક નં. ૬૧, ઘ ટાઈપ સે-૨૩ ખાતે રૂબરૂ સંપર્ક કરવો. અથવા ૨૩૨૩૫૨૧૫, મો. ૯૪૨૬૪ ૫૧૧૦૨, ૯૦૯૯૩ ૮૨૯૩૬ પર નામ નોંધાવવા. ૧૦ વર્ષથી ૧૫ વર્ષના બાળકો ભાગ લઈ શકશે.

# કાંકરિયામાં મુલાકાતીઓની ભારે ભીડ ગાંધીનગરાઓ મોટી સંખ્યામાં દેખાયા



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૧૬

દિવાળીના પર્વની રજાઓ દરમ્યાન ગાંધીનગર શહેરનાં ફરવાનાં સ્થળોએ જેમ અમદાવાદના મુલાકાતીઓ મોટી સંખ્યામાં જોવા મળ્યા હતા એમ અમદાવાદના ખ્યાત અને જૂના ફરવાના સ્થળ કાંકરિયા ખાતે પણ ગાંધીનગરના મુલાકાતીઓની સંખ્યા નોંધપાત્ર જોવામાં આવી હતી.

ગુરુવારથી રવિવાર દરમ્યાન કાંકરિયા, અમદાવાદ ખાતે મોટી સંખ્યામાં ગાંધીનગરના પરિવારો ફરતા જોવા મળ્યા હતા.

સર્વત્ર રજાનો માહોલ હોવાથી લોકોની ભીડ કાંકરિયા ખાતે ખૂબ જોવા મળી હતી. સવારથી જ લોકોની મોટી કતારો કાંકરિયાના દરેક ગેટ પર જોવા મળતી હતી. અલબત્ત, કાંકરિયાનો વિસ્તાર ખૂબ મોટો હોવાથી મોટી સંખ્યામાં લોકો ત્યાં સમાઈ શકયા હતા, જેમાં ગાંધીનગરના પરિવારો પણ મોટી સંખ્યામાં જોવા મળ્યા હતા. અલબત્ત, રાઈડ્સની મજા કરતાં ફરવા આવનારા લોકોની સંખ્યા વધુ હોવાથી સર્વત્ર માત્ર મોટી સંખ્યામાં લોકો જ જોવા મળ્યા હતા, પરંતુ ભીડના પ્રમાણમાં રાઈડ્સ ખાલી જોવા મળી હતી.

બીજી નોંધપાત્ર બાબત એ હતી કે કાંકરિયા ખાતે ફરવા આવનારા પરિવારોમાં બિનગુજરાતી પરિવારોની સંખ્યા પણ ઊડીને આંખે વળગતી હતી. બિહાર, યુપી, એમપી અને રાજસ્થાનથી અમદાવાદમાં સ્થાયી થનારા વિવિધ શ્રમિકો પોતાના પરિવાર સાથે કાંકરિયામાં બહુ મોટી સંખ્યામાં જોવા મળતા હતા. સર્વત્ર રજાનો માહોલ હોવાથી કામ-ધંધાના સ્થળે સંપૂર્ણ રજા હતી એ કારણે આવા શ્રમિકો પોતાના પરિવારોને લઈને કાંકરિયા ફરતા જોવા મળ્યા હતા. અલબત્ત, સસ્તી રાઈડ્સને છોડીને અન્ય રાઈડ્સ ઉપર પસંદગી ઉતારવાનું આવા આર્થિક રીતે સામાન્ય પરિવારોએ ટાળ્યું હતું, પરંતુ ફરવાની ને જોવાની મજા ભરપૂર લીધી હતી.

મોટી ભીડનો લાભ પાર્કિંગ કોન્ટ્રાક્ટર અને ગેટની આસપાસ છૂટક વસ્તુઓ લઈને બેસતા નાના વેપારીઓએ પણ ભરપૂર લીધો હતો. ટુવ્હીલર પાર્કિંગ માટે ૨૦ રૂા. અને ફોર વ્હીલર પાર્કિંગ માટે ૪૦ રૂા. જેટલો ચાર્જ વસૂલવામાં આવ્યો હતો અને છૂટક વેપારીઓએ પોતાની નાની વસ્તુઓના ભાવ બમણા કરી દીધા હતા. તો કાંકરિયાની અંદર પણ ખાણી-પીણીના રેગ્યુલર સ્ટોલ્સ ઉપરાંત છૂટક વસ્તુઓ વેચનારા નાના વેપારીઓ જોવા મળ્યા હતા, જેનો લાભ લોકોએ મહત્તમ લીધો હતો.

ઉલ્લેખખનીય છે કે તહેવારોની મોસમમાં કાંકરિયા એ અમદાવાદનું એવું સ્થળ હતું જ્યાં સમાજના આર્થિક રીતે ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન વર્ગના લોકો બહુ મોટી સંખ્યામાં એકસાથે જોવા મળ્યા હતા. એ પૈકી ઉચ્ચ અને મધ્યમ વર્ગના લોકોએ પેટ ભરીને વિવિધ રાઈડ્સની મજા માણી હતી તો સામાન્ય લોકોએ એમને આનંદ માણતા જોઈને આનંદ માણ્યો હતો.

કાંકરિયા ખાતે સૌથી વધુ ભીડ પ્રાણી સંગ્રહાલયમાં જોવા મળી હતી. પ્રાણી સંગ્રહાલયમાં ટિકિટ લેવા માટે અને એ પછી પ્રવેશ માટે પણ મુલાકાતીઓની ઘણી મોટી ભીડ જોવા મળી હતી. દસેક મિનિટ સુધી કતારમાં ઊભા રહ્યા પછી પ્રાણી સંગ્રહાલયમાં જવાની તક લોકોને મળી રહી હતી. તેમ છતાં લોકો પ્રાણી સંગ્રહાલયમાં જવાની તક મૂકતા ન હતા. આ કારણે પ્રાણી સંગ્રહાલયમાં ભીડ રહી હતી. કાંકરિયામાં સવારે નવેક વાગ્યાથી કાંકરિયામાં વળેલો લોકોનો પ્રવાહ તેર કલાક બાદ રાત્રે દસેક વાગ્યે થોડોક હળવો થયો હતો. ઘણા લોકોએ કાંકરિયાના સુંદર રાત્રિ સ્વરૂપની અને તેના પાળે બેસીને ડિનરની મજા પણ માણી હતી.

# દીપના તહેવારની રંગીલી રંગોળી


કાવ્યા જે પટેલ


નિધિ સ્વાદિયા, સે.-૨૯


બ્રિન્દા મેહુલ પટેલ, સે. ૪


ખુશી રાકેશ પંડ્યા, પેથાપુર


મીત વિપુલભાઈ ભટ્ટ, વાવોલ



દીપલ પરમાર, સે. ૨ બી



આલાપ વાગ્મિન બુચ, દોહા


ખ્યાતિ ચમરાજ પંડ્યા


રોહિણી આર દેસાઈ, સે. ૨૨


શુભમ રાજેશકુમાર ભટ્ટ, વાવોલ


વૈદેહી પ્રકાશભાઈ દવે, સે. ૨૩


નિયતિ પટેલ, સે. ૮


પ્રજ્ઞા બારોટ, સે. ૮


નિહાર દવે, સે. ૨૦


ઉન્નતિ પ્રકાશભાઈ દવે, સે. ૨૩


મનિષા ત્રિપાઠી, સે. ૨૩


ડો. ધરતી શાહ, ઉર્વી શાહ, સે. ૭ ડી


સ્મિતા અને હિરલ ભટ્ટ, સે. ૧ બી


પ્રજ્ઞેશ કામદાર, સે. ૮ બી


યોગિની દવે, સે. ૩ ન્યૂ



મહેક સુધીર દેસાઈ, સે. ૨૩


વેદાંશી દવે, સે. ૩ ન્યૂ


કૃતિકા ધર્મેન્દ્રસિંહ ઝાલા, સે. ૧ સી



સ્તુતિ રાજન ઓઝા, સે. ૨ એ


અંશવ વાયડા, સે. ૨૦


ગરિમા પટેલ, સે. ૩૦


મીત ભાવેશ એરડા, સે. ૪ ડી